# લાયન્સ-લીઓ કલબ-બાયડનો પદગ્રહણ સમારોહ યોજાયો

## સેવાકીય ક્ષેત્રમાં લાયન્સ કલબ-બાયડનું કામ ઉમદા, પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર






બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

લાયન્સ-લીઓ કલબ, બાયડનો પદગ્રહણ સમારોહ રવિવારે હોટલ વૃન્દાવનના હોલમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ યોજાયો. શપથગ્રહણ અધિકારી, પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર સૌરભ બ્રહ્મભટ્ટે લાયન્સ કલબ-બાયડના નવનિયુક્ત પ્રમુખ નરેશચંદ્ર એલ. પરમાર, લીઓ પ્રમુખ ઋગ્વેદ પી. પટેલ અને તેમની ટીમને હોદ્દાના શપથ ગ્રહણ કરાવી વર્ષ દરમ્યાન પ્રજાકીય સેવાકાર્યો કરવા જણાવ્યું હતું. પાછલા ૩૦ વર્ષથી સેવાકીય ક્ષેત્રમાં લાયન્સ કલબ-બાયડનું કામ ઉમદા રહ્યું છે તેમ શપથ અધિકારી પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નરે જણાવ્યું છે.

વિશ્વની ૧૦૪ વર્ષ જૂની લાયન્સ કલબ દ્વારા અનેક લોકોનાં આંખનાં અંધારાં ઉલેચવાની સાથે જરૂરીયાતમંદને સધીયારો આપ્યો છે ત્યારે ગ્રામ્ય વિસ્તારની લાયન્સ કલબ-બાયડે ચક્ષુ પ્રાપ્તિ કેન્દ્ર, દિવ્યાંગ અને અશક્તોને સાધન સહાય સહિતના અનેક કાયમી પ્રોજેક્ટ શરૂ કરી સેવાના અનેક દ્વાર ખોલ્યા છે. વર્તમાન પ્રમુખ સમીરભાઈ ડી. મિરઝા, લીઓ પ્રમુખ કથન પટેલની ૧ વર્ષની મુદત પૂરી થતાં તા.૨૫ જુલાઈનો રોજ વર્ષ-૨૦૨૧-૨૨ ના લાયન્સ-લીઓ કલબ પ્રમુખ અને તેમની ટીમનો પદગ્રહણ સમારોહ લાયન નેતાઓ, આમંત્રિતો વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. સમારંભના મુખ્ય અતિથિ બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ જે. પટેલે લાયન્સ કલબ-બાયડની સેવાકીય પ્રવૃત્તિઓને જાહેરમાં બિરદાવી આગામી સેવાકીય પ્રવૃત્તિઓમાં લાયન્સ કલબને બાયડ નગરપાલિકા દ્વારા પૂરતો સહયોગ આપવાનું જણાવ્યું હતું. વિશેષ આમંત્રિત નિવૃત્ત સેક્શન ઓફીસર નટુભાઈ સોલંકીએ લાયન્સ કલબ-બાયડના સેવાકીય પ્રોજેક્ટની સરાહના કરી જરૂર પડે વધુ આર્થિક મદદ કરવાની તૈયારી દર્શાવી હતી. કાર્યક્રમના આરંભે વિદાય લેતા પ્રમુખ સમીરભાઈ મિરઝાએ સૌ આમંત્રિતોને આવકાર્યા હતા તેમજ નવનિયુક્ત ટીમને અભિનંદન આપવાની સાથે સેવાકીય કાર્યોમાં મદદ કરવાનો પુનરોચ્ચાર કર્યો હતો. લાયન્સ કલબ-બાયડના પ્રમુખ તરીકે પદ્મનાભિત થયેલ નરેશચંદ્ર એલ.પરમારે લાયન્સ કલબ-બાયડ જરૂરીયાતમંદોને શક્ય મદદ કરવાની સાથે ચક્ષુ પ્રાપ્તિ કેન્દ્ર, દિવ્યાંગ અશક્તોને મદદ, વૃક્ષારોપણ, પર્યાવરણ જાળવણી સહિતના કાર્યક્રમોને અગ્રતા આપશે તેમ જણાવ્યું હતું. લીઓ કલબ-બાયડ પ્રમુખ ઋગ્વેદ પી. પટેલે આગામી વર્ષ દરમ્યાન બાળકોમાં કુપોષણનો દર ઘટે તેમજ બેટી બચાવો, પેટી પઢાઓ અભિયાન અને સ્વચ્છ બાયડના સંકલ્પની પરીપૂર્ણ કરવા લાયન્સ કલબ-બાયડ સાથે સહયોગમાં રહી કામ કરવાની તત્પરતા દર્શાવી હતી. આભાર વિધિ લાયન્સ કલબ-બાયડ સેક્રેટરી દેવચંદભાઈ પરમારે કરી હતી. કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ કેબિનેટ જોઈન્ટ ટ્રેઝરર અતુલભાઈ જોષી, ડિસ્ટ્રીક્ટ ચેરમેન શૈલેષભાઈ એન. શાહ, કમલેશભાઈ પટેલ, લીઓ ચિરાગ પરમાર, પાર્થ અરોરા, પૂર્વ ચેરમેન કથન પટેલ, પૂર્વ મંત્રી કાન્તિભાઈ રાઠી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડાં.એમ.બી.પટેલ, વિનુભાઈ દરજી દ્વારા કરવામાં આવ્યું હતું. વિદાય લેતા લાયન્સ-લીઓ કલબ-બાયડના પ્રમુખ દરમ્યાન વર્ષ દરમ્યાન સહયોગ આપનાર સભ્યોનું મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

# ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભુમી સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ટોરડા શ્રી ગોપાળાનંદ સ્વામીની પવિત્ર પાવન જન્મભુમીમાં શ્રી સ્વામીનારાયણ મંદીરમાં અષાઢી તોલાઈ હતી.આ વર્ષે એકદંરે વરસાદ સારો રહેશે,પાછોતરો વરસાદ થશે,હિમ વર્ષા થવાની સંભાવના,મનુષ્યમાં રોગચાળો વકરવાની સંભાવના સેવાઈ છે.હરી ભક્તોએ જણાવ્યું હતુ કે ખેડુતો,વેપારીઓ અને નોકરીયાત વર્ગ ટોરડાની અષાઢીનો તોલ સાંભળવા માટે છેલ્લા કેટલાક સમયથી ઉત્સુક હતો.ઐતિહાસિક પરંપરા મુજબ શ્રી સ્વામીનારાયણ મંદીર પરીસરમાં તોલાતી અષાઢી સાંભળવા માટે સૌ-કોઈ પ્રતિ વર્ષ તત્પર રહેતા હોય છે.સ્વામીનારાયણ ભગવાનના વાઘામાં જુદા-જુદા ધાન્ય પાકોની પોટલીઓ બનાવી સોનીના કાંટે તોલી પાંચ પંચોની રૂબરૂ પોટલીઓ બાંધી સ્વામીનારાયણ ભગવાન સમક્ષ મુંકવામાં આવે છે.તોલાયેલા અષાઢીના વર્તારા મુજબ વરસાદ એકદંરે સારો અને પાછોતરો વરસાદ થાય તેવું અનુમાન છે.શિયાળા અને ઉનાળાની ઋતુ દરમ્યાન પાક સારો થઈ શકે તેવું અનુમાન છે.ટોરડા મંદીરએ અષાઢી તોલાઈ ત્યારે ખેડુતો,વેપારીઓ,ગ્રામજનો,હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.અષાઢીના તોલનો વર્તારો વર્ષોથી એકદંરે સાચો પડે છે.



અષાઢીનો તોલ :- સ.ગુ. પ.પુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભુમિ શ્રી સ્વામિનારાયણ મંદિર,શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજના સાંનિધ્યમાં ટોરડા મંદિરના મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી,સાર્વે મંડળ,ટોરડા સહિત આસપાસના ગામના ખેડુતો અને નોકરીયાત વર્ગની હાજરીમાં પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી તોલાઈ હતી.વર્ષોથી ચાલી આવતી આ ઐતિહાસિક પરંપરા મુજબ અષાઢી ગુરૂ પુર્ણિમાની રાત્રે ૧૨ ધાન્ય પાકોને ૫ - ૫ ગ્રામ તોલીને ભગવાનના વસ્ત્રોમાં બાંધીને એક માટલીની અંદર મુકીને માટલીને ઉપર થી માતાજીની સાડીથી મોઢું બાંધી દેવામાં આવે છે પછી તેને ભગવાનની સમક્ષ મુંકવામાં આવે છે.બીજા દિવસે સવારે અષાઢ વદ એકમના રોજ ફરીથી તે ધાન્યોનો તોલ કરવામાં આવે છે.જે પાક વધારે પાકવાનો હોય તે વધે છે જે પાક ઘટવાનો હોય તે ઘટે છે.

**અષાઢીના તોલનો વર્તારો અને વધઘટ નીચે મુજબ છે**

(૧) ઘઉં - બાજરીના ૨૧ કણ વધારે
(૨) મકાઈ - બાજરીના ૨૧ કણ વધારે
(૩) ડાંગર - બરાબર
(૪) કપાસ - બાજરીના ૮ વધારે
(૫) બાજરી - બાજરીના ૭ કણ ઘટ
(૬) ચણા - બાજરીના ૪૪ કણ ઘટ
(૭) મગ - બાજરીના ૮ કણ વધારે
(૮) અળદ - બાજરીના ૧ કણ ઘટ
(૯) રસકસ - બાજરીના ૩ કણ વધારે
(૧૦) કાળી માટી - બાજરીના ૪ કણ વધારે
(૧૧) લાલ માટી - બરાબર
(૧૨) સોયાબીન - બરાબર

# પ્રાંતિજ ખાતે રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી

**વેપારીઓ, ફેરીયાઓ, લારી-ગલ્લાઓ વેપાર કરતા લોકો રસી લેવા ઉમટી પડયાઃ ૧૮ વર્ષ થી વધુ વયના લોકોને રસી આપવામાં આવી : રસીનો પ્રથમ ડોઝ તથા બીજો ડોઝ લેવા સવારથી જ વેપારીઓ સહિત લોકો ઉમટી પડયા**

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રસીકરણની કામગીરી હાથ ધરવામા આવી હતી જેમા વેપારીઓ, ફેરીયાઓ, લારી-ગલ્લાઓ વેપાર કરતા લોકોને રસી આપવામા આવી હતી.



પ્રાંતિજ ખાતે રવિવારની વિશેષ ઝુંબેશને લઈને શેઠ.પી.એન્ડર આર હાઈસ્કૂલ ખાતે અને એમ સી દેસાઈ હોસ્પિટલ ખાતે રવિવાર ના દિવસે રસીકરણને લઈને તાલુકા હેલ્થ ઓફિસર અમૃતભાઈ સોલંકીની આગેવાની હેઠળ વિશેષ ઝુંબેશ હાથ ધરવામા આવી હતી જેમા પ્રાંતિજ ખાતે વેપાર ધંધાઓ કે ફેરી, લારી-ગલ્લાઓ સહિતનો વેપાર કરતા લોકોને રસી આપવામાં આવી હતી જેમા શેઠપીએન્ડર આર હાઈસ્કૂલ ખાતે ૨૫૦ અને એમસીદેસાઈ હોસ્પિટલ ખાતે ૧૦૦ જેટલા લોકોએ રસીનો લાભ લીધો હતો તો વેપારીઓ દ્વારા ઉત્સાહ પુર્વક સવારથી જ રસી લેવા માટે ઉમટી પડયા હતા તો સરકાર દ્વારા વધુ ને વધુ લોકો રસીકરણ નો લાભ લઈ શકે તે માટે રવિવારના રજાના દિવસે પણ રસીકરણની કામગીરી હાથ ધરવામા આવી હતી જેમા ડાં.પ્રકાશ ભાઈ, ડાં.ઈના પટેલ , વિપુલભાઈ પટેલ સહિત આરોગ્ય સ્ટાફ સહિત આશાવર્કર આરોગ્ય વર્કર સહિતનો સ્ટાફ જોડાયો હતો તો વેપારીઓ સહિત લોકો એ રસીકેન્દ્ર ઉપર જઈ ને લાભ લીધો હતો.

# પ્રાંતિજ સહિત તાલુકામાં મેઘ મહેર

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા મા મોડે મોડે પણ મેઘરાજા ની અસીમ કુપા થતા



રાત્રી ના સમયે પ્રાંતિજ સહિત તાલુકામા મેઘ મહેર જોવા મળી હતી અને પ્રાંતિજ ખાતે રાત્રી દરમ્યાન સાડા ત્રણ ઈચ જેટલો વરસાદ ખાબકયો હતો.

ગુજરાત સહિત જિલ્લા ભરમા મેઘરાજા ની વિરામ બાદ પુન પધરામણી થઈ છે ત્યારે સાબરકાંઠા જિલ્લામા પણ મેઘ મહેર જોવા મળી હતી જેમા આખા સાબરકાંઠા જિલ્લા સોવથી વધુ પ્રાંતિજ મા મેઘ કુપા થઈ હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકા મા રાત્રી દરમ્યાન સાડા ત્રણ ઈચ જેટલો વરસાદ નોંધાયો હતો તો બીજા દિવસે સવાર થીજ ટમટમ પડી રહેલ વરસાદ વધુ એક ઈંચ જેટલો નોંધાતા કુલ પ્રાંતિજ મા સાડા ચાર ઈચ વરસાદ નોંધાયો હતો તો કાચુ સોનાની જેમ પડી રહેલ વરસાદ ને લઈ ને ખેડુતો સહિત નગરજનો મા ખુશીનો માહોલ જોવા મલ્યો હતો તો ચોમાસુ પાક સહિત ખેતીના વિવિધ પાકો ને વરસાદ ને લઈ ને નવુ જીવન દાન મલ્યુ હતુ ત્યારે હાલતો મોડામોડ અને લાંબા વિરામ બાદ મેઘ મહેર થતા પ્રાંતિજ વાલીઓ સહિત પંથક ના લોકોમા ખુશીજોવા મળી રહી છે.

# પ્રાંતિજ ખાતે કાર્યરત ધી સમર્પણ મંડળીની પ્રથમ વાર્ષિક સાધારણ સભા યોજાઈ

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત ધી સમર્પણ ગ્રાહક, બચત અને ધીરાણ સહકારી મંડળી લી. પ્રાંતિજ ની પ્રથમ વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. પ્રાંતિજ ખાતે આવેલ શ્રી મહાકાલી મંદિર ખાતે ધી સમર્પણ ગ્રાહક, બચત અને ધીરાણ સહકારી મંડળી લી. પ્રાંતિજની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી જેમા સમાજના આગેવાનો સહિત મંડળીના ચેરમેન કાન્તિલાલ એમ.કાપડીયા, સેકેટરી જશુભાઈ સુતરીયા સહિત મંડળીના સભ્યો સભાસદો ઉપસ્થિત રહ્યા હતા તો મંડળીની પ્રથમ બેઠક મા મંડળીના સભાસદો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા સભાના સંચાલકો, સમાજના આગેવાનો તેમજ શુભેચ્છકોનું સન્માન કરવામા આવ્યુ હતુ તો કે.એમ.કાપડીયા ના અધ્યક્ષ સ્થાને મળેલ આ બેઠક ને સંબોધતા અધ્યક્ષે જણાવ્યુ કે સમાજ ના નબળા અને આર્થિક રીતે જરૂરિયાત વાળા લોકોને આર્થિક સહાય મળે તેઓ શાહુકારોના મોટા વ્યાજથી બચી શકે અને તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા શુભ હેતુથી શરૂ કરેલ આ મંડળીનું સંચાલન સારી રીતે ચાલી શકે તે માટે સભ્ય શ્રીઓના સહયોગની જરૂર છે તો વર્ષ ૨૦૧૯ અને ૨૦ નો વાર્ષિક અહેવાલ રજુ કરવામા આવ્યો હતો પર પરગણા વણકર સમાજના સર્વાંગી વિકાસ માટે હંમેશા પ્રયત્ન કરનાર તમામ વડીલો તેમજ આગેવાનોનુ બહુમાન કરવામા આવ્યુ હતુ તો કમાલપુર ના રમેશભાઈ વણકરે તથા મનહરભાઈ દ્વારા તમામે-તમામ ઉપસ્થિત લોકો ને આવકાર્યા હતા તો સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન રમેશભાઈ દ્વારા કરવામા આવ્યુ હતુ.







આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે ગુરુપૂર્ણિમાના પર્વની ઉજવણી કરવામાં આવી હતી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરાના ઈતિહાસ વિભાગ તથા એન.એસ.એસના ઉપક્રમે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.

# ભિલોડામાં મેહુલીયો ધીમી ધારે વરસ્યો : ખેડુતોમાં આનંદની લાગણી

**અમુક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો પ્રજાજનો પરસેવાથી રેબઝેબઃ અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે વરસાદ વરસ્યો**




ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા સહિત આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં મેહુલીયો ધીમી ધારે વરસ્યો મુરઝાતા ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે.ચોમાસાની સિઝન દરમ્યાન આ વર્ષે વરસાદ ખેંચાતા ખેડુતોના જીવ અધ્ધર થઈ રહ્યા હતા ત્યારે ભિલોડા તાલુકામાં વરસાદ વરસતાં સીમ વિસ્તારોમાં ખેડુતોના ખેતરોમાં લહેરાતા કપાસ,મગફળી,મકાઈ,તુવેર,સોયાબીન સહિત ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળ્યું છે.ખેડુતો અને શ્રમજીવીઓ ખેતીના કામકાજમાં પરોવાયા હતા.અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે મેઘરાજાનું આગમન થયું વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.અમુક ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો ત્યારે પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ચોમાસાની સિઝનના પ્રારંભીક તબક્કે જ વીજ પુરવઠો સામાન્ય વરસાદ દરમ્યાન ખોરવાતા પ્રજાજનોમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે.યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢયા હતા.અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે અષાઢ માસ દરમ્યાન મેહુલીયો મન મુકીને વરસી જશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.મેહુલીયો મન મુકીને વરસે તે માટે પ્રજાજનો ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે.

## જન્મદિને વધામણી



માનવ શૈલેષકુમાર દરજી
બાયડ, જિ.અરવલ્લી



કિશન કાળુભાઈ ઝાલા
ડેમાઈ તા.બાયડ



શૈલેષભાઈ એન. શાહ
(ડીસ્ટ્રીક્ટ ચેરમેન : લાયન્સ ડીસ્ટ્રીક્ટ ૩૨૩૨બી-૧)
બાયડ, જિ.અરવલ્લી



હાર્દિક(પિન્ટુ) રાજુભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



અશ્વિન પ્રભુદાસભાઈ પટેલ
બાયડ,
જિ.અરવલ્લી



પ્રણવ જીતેન્દ્રભાઈ પ્રજાપતિ
બાયડ ગામ,
જિ.અરવલ્લી



દિનેશભાઈ દરજી
ગાબટ, તા.બાયડ



મહર્ષિ રોનકકુમાર પટેલ
આણંદ(બાયડ)